# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૭/ક્વા-૨/૧૯-૨૦/૬૯૧૨–૨** **તા.૧૬–૧૦–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૭/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **માલદે કરશન માડમ** ગામ: વડાત્રા
રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે અરૂણ વેણીલાલ ત્રિવેદી હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **આર.વિ.સોમાણી** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ
૨) મેમ્બર સ્વતંત્ર -શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: વિભાગીય કચેરી પીજીવીસીએલ, જામખંભાલીયા
તારીખ: ૦૯-૧૦-૨૦૧૯( બુધવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯-૧૦-૨૦૧૯( બુધવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમા ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલા હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર માલદે કરશન માડમ ગામ -વડાત્રા, તેઓની અરજીના નોંધણી નં: ૫૭/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે**, વડત્રા પેટા વિભાગીય કચેરી ના પત્ર તા.૧૬–૦૫–૧૯ થી બારા ગામ ના સર્વે નંબરઃ ૯૦૮ મા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટેની અરજીના અનુસંધાને – સદર જમીન ના નવા ૭–૧૨,૮–અ રજુ કરવા જણાવેલ. જે રજુ કરવા માટે – પેટા વિભાગીય કચેરીમાં જતા સદર અરજીમાં દાદાનુ નામ લખવાની ફરજ પાડવામા આવી,જે અન્વયે પિતા કરશનભાઈ રામજીભાઈ માડમ ના નામે પાવર ચોરી કેઈસ ના અલગ જગ્યાના નાણા બાકી હોય – જેથી, પીજીવીસીએલ દ્વારા જરૂરી કાર્યવાહી કરાયેલ નથી.

૨.૧ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ – અરજદાર ના નામે અથવા નવીન વીજજોડાણ ની માંગણી મુજબ ના સ્થળ પર વીજ કંપની નુ લેણુ બાકી હોય તો – વીજજોડાણ આપી શકાય નહી. પરંતુ, સદર બાબત લાગુ પડતી ન હોવા છતા – વડત્રા પેટા વિભાગીય કચેરી ના રેવ. વિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી કરાયેલ ન હોવાથી – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ **છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **અરજદાર શ્રી માલદે કરશન** માડમ રે. બારડી બેરાજા એ સર્વે નંબર ૯૦૮ ઉગમના બારા મુકામે ખેતીવાડી વીજ જોડાણ માટે અરજી કરેલ છે જેના જીપી નંબર ૯૧૩ છે. અગ્રતાક્રમ મુજબ વારો આવતા વડતરા કચેરી દ્વારા પત્ર નંબર વીએસડી ૫૦૪૦ તારીખ ૧૬.૦૫.૨૦૧૯ થી હાલના ૭/૧૨ તથા ૮-અ રજૂ કરવા માટે અરજદાર ને પત્રથી જાણ કરેલ જે અન્વયે અરજદાર દ્વારા વડતરા કચેરી એ દસ્તાવેજો રજૂ કરતાં અરજદાર ના પિતા કરસન રામશી માડ્મ ના નામે પાવર ચોરી ના અલગ જગ્યા ના નાણાં બાકી હોય સહી કરી આપેલ નથી.

3.૧ સપ્લાય કોડ ૨૦૧૫ ક્લોજ ૪.૩૦ મુજબ અરજદાર ના નામે અને નવીન જોડાણ ના માંગણી વાળા સ્થળ ઉપર વીજ કંપની નું લેણું બાકી ન હોવા છતાં અરજદારની અરજી માં સહી કરી આપેલ ન હોય આપની કચેરી સમક્ષ રજૂઆત કરેલ છે.

**વડતરા કચેરી ના સામેલ પત્ર નંબર વીએસડી/સીજીઆરએફ/ ૧૦૮૪૮ તારીખ ૦૪.૧૦.૨૦૧૯ મુજબ ' ઇલેક્ટ્રીક કોન્ટ્રાકટર માટેલ ઇલેક્ટ્રીકના વ્યક્તિ અરજદાર શ્રી માલદે કરસન વતી અરજી લઈ આવેલ જેમાં ગ્રાહક નું નામ કરશન રામશી ગામ – બરડી બેરાજા ચેકિંગ તારીખ ૧૬.૧૧.૨૦૦૯ રજી. અનુ. નંબર ૧૩ એજી એનસી કનેકસન માં રૂ.૫૦૦૦/- (માત્ર કમ્પાઉન્ડીંગ ) બાકી હતી તે ભરી જવા જણાવેલ . આ બાબત ડિવિજન કચેરીમાં ચર્ચા થયેલ અને ડિવિજન કચેરી ની મૌખિક સૂચના થી તે કેસ પેપર સહિત ઓરિજનલ અરજી પરત આપવામાં આવેલ '**

**સદર બાબતે અત્રે ની કચેરીએ થી સ્પષ્ટતા કરવાની કે સદર વાંધા બાબતે સંબધિત નાયબ ઇજનેર અને સંબધિત સીનીયર આસિસ્ટન્ટ ને રૂબરૂ બોલાવી સમજ આપેલ અને સપ્લાય કોડ ૨૦૧૫ ક્લોજ ૪.૩૦ મુજબ કાર્યવાહી કરવા જણાવેલ તેમ છતાં અરજદાર ને સંતોષકારક જવાબ આપેલ નથી અને યોગ્ય કાર્યવાહી કરેલ નથી જેથી ફરિયાદ ઉદભવેલ છે.**

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત મુદ્દા નં.૨.૦ અને ૨.૧ તથા સામાવાળાની રજુઆત મુદ્દા નં.3.0 અને 3.૨ અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી માલદે કરસન માડમ રે. બારડી બેરાજા એ સર્વે નંબર ૯૦૮ ઉગમના બારા મુકામે ખેતીવાડી વીજ જોડાણ માટે અરજી કરેલ છે જેના જીપી નંબર ૯૧૩ છે. જે અન્વયે સમાવાળા દ્વારા સપ્લાય કોડ ૨૦૧૫ ક્લોજ ૪.૩૦ મુજબ બિન અધિકૃત **ગ્રાહક કરશન રામશી ગામ – બરડી બેરાજા ચેકિંગ તારીખ ૧૬.૧૧.૨૦૦૯ રજી. અનુ. નંબર ૧૩ એજી એનસી કનેકસન માં રૂ.૫૦૦૦/- (માત્ર ક્ંપાંઊડિંગ ) બાકી હતી તે ભરી જવા જણાવેલ** -જે ભરપાઈ ન થતા પેટાવિભાગીય કચેરી દ્વારા ઓરિજનલ અરજી અરજદારને પરત આપવામાં આવેલ.

૪.૨ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ''નવા જોડાણ, પુનઃ જોડાણ, વીજભાર મા વધારો કે ઘટાડો, નામ બદલી અથવા કોઈ જગ્યા માટે સર્વિસલાઈન શીફટીંગ માટે ની અરજી, તે જગ્યા ને સબંધીત કોઈ લેણા અથવા અરજદાર દ્વારા વિતરણ પરવાનેદાર ને વિતરણ પરવાનેદાર ના અધિકારક્ષેત્ર મા કોઈપણ જગ્યાએ તેના નામે રાખેલ બીજા કોઈ સર્વિસ જોડાણ ના સબંધ મા કોઈ બાકી રકમ – ચુકવવામા આવશે નહી, ત્યા સુધી પરવાનેદાર દ્વારા ધ્યાન મા લેવામા આવશે નહી. પરંતુ, નવા અરજદાર પાસેથી અગાઉ ના લેણા વસુલ કર્યા પછી જોડાણ આપવામા આવે – તેવા કેઈસ મા અને યોગ્ય કાનુની ઉપાય પ્રાપ્ત થયા પછી – પરવાનેદાર ને તે જગ્યા અગાઉ ના ગ્રાહક / માલીક પાસેથી કે કબ્જેદાર પાસેથી બાકી નિકળતી પૂરેપૂરી કે આંશિક રકમ મળે તે કેઈસ મા, આવી બાકી નિકળતી રકમ વસુલ કરવાના ખર્ચ સરભર કર્યા પછી જેની પાસેથી બાકી રકમ વસુલ કરવામા આવી હોય તે નવા ગ્રાહક / માલીક કે કબ્જેદાર ને રકમ પાછી અપાશે''

**૪.3** અરજદાર દ્વારા નવા વીજજોડાણ મેળવવા માટે ની અરજી મા – અરજદાર ના પિતા કરસન રામશી માડ્મ ના નામે થેફ્ટ રજીસ્ટર મુજબ ફક્ત કમ્પાઉન્ડીગની રકમ રૂ. ૫૦૦૦/-બાકી છે, જે કોઈ અરીઅર્સ નથી.

**૪.૪** ઉપરોક્ત પેરા નં. ૪.૨ અને ૪.૩ મુજબ અરજદાર દ્વારા કરાયેલ તેઓની માંગણી મુજબ ની જગ્યા એ કોઈપણ પ્રકારની પીજીવીસીએલ ની લેણી રકમ બાકી ન હોય – અરજદાર માલદે કરસન માડમ ગામ બારડી બેરાજા એ સર્વે નંબર ૯૦૮ ઉગમના બારા મુકામે ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટેની ની અરજી **રોકી શકાય નહિ. તેમજ** સદર બાબતે પીજીવીસીએલ દ્વારા નિયમાધીન પ્રક્રીયા હેઠળ વીજ જોડાણ આપવાની કાર્યવાહી સત્વરે પુરી કરવાની સુચના આપવામાં આવે છે.

**૪.૫** સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૪ મુજબ ની વિગતે કાર્યવાહી કરવાનો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(શ્રી જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯